દિવ્ય ભાસ્કર

અમદાવાદ 14-12-2025

# જાહેરાત

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**નિયામક, સમાજ સુરક્ષા, ગુજરાત રાજ્ય, ગાંધીનગર**

**દિવ્યાંગોને મોટરાઇઝડ ટ્રાયસીકલ તથા જોયસ્ટીક વ્હીલચેર આપવાની યોજના**

ઈ-સમાજ કલ્યાણ પોર્ટલ પર તા. ૨૪-૦૯-૨૦૨૫ના રોજ જાહેરાત આપી તા. ૩૦/૧૦/૨૦૨૫ સુધી અરજી લેવામાં આવેલ. યોજના અંતર્ગત વધુમાં વધુ લાભાર્થી લાભ લઈ શકે તે ધ્યાને લેતા યોજનાનુ પોર્ટલ ફરી શરૂ કરવામાં આવે છે

૯૦% કે તેથી વધુ મલ્ટિપલ ડિસેબિલિટી, લોકોમોટર ડિસેબિલિટી, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી અને સેરેબલ પાલ્સી જેવી દિવ્યાંગતા ધરાવતા ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓને મોટરાઇઝડ ટ્રાયસીકલ તથા જોયસ્ટીક વ્હીલચેર આપવાની યોજના વર્ષ ૨૦૨૫-૨૬થી શરૂ કરવામાં આવેલ છે. જેમાં નીચેની દિવ્યાંગતા પ્રમાણે સાધન મળવાપાત્ર રહેશે.

| ક્રમ | દિવ્યાંગતા પ્રકાર | મળવાપાત્ર સાધન |
|---|---|---|
| ૧ | લોકોમોટર ડિસેબિલિટી, મલ્ટિપલ ડિસેબિલિટી(ફક્ત લોકોમોટર ડિસેબિલિટી સાથે અન્ય દિવ્યાંગતા) | મોટરાઇઝડ ટ્રાયસીકલ |
| ૨ | સેરેબલ પાલ્સી, મસ્ક્યુલર ડિસ્ટ્રોફી, લોકોમોટર ડિસેબિલિટી, અને મલ્ટિપલ ડિસેબિલિટી (ફક્ત આ ત્રણ પ્રકારની દિવ્યાંગતા સાથે) | જોયસ્ટીક વ્હીલચેર |

**નોંધ:**

- લાભાર્થીને ઉપર દર્શાવ્યા મુજબના સાધનમાંથી એકજ સાધન મળવાપાત્ર થશે.
- દિવ્યાંગ લાભાર્થી આ યોજનાનો લાભ મેળવશે તો તેમને સાધન સહાય યોજના હેઠળ ટ્રાયસીકલ તેમજ વ્હીલચેર મળવાપાત્ર રહેશે નહી.
- લાભાર્થીની અરજી મળ્યાબાદ ઉપયોગ કરવાની પાત્રતા ધરાવે છે કે કેમ તેનુ એસેસમેન્ટ કરાવવાનુ રહેશે. ત્યારબાદ જો નિયત કરેલ લક્ષ્યાંકથી વધુ અરજી આવશે તો વધુ દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગજનોને અગ્રતા સાથે કોમ્પ્યુટરાઇઝડ ડ્રો પધ્ધતિથી (વધુ દિવ્યાંગતાને અગ્રતા જેવા માનાંકોના આધારે) પસંદગી કરવામાં આવશે.
- યોજનાનો લાભ માત્ર એક જ વાર લાભ મળવાપાત્ર રહેશે.
- જે લાભાર્થીએ અગાઉ અરજી કરેલ છે તેમણે અરજી કરવાની જરૂર રહેશે નહીં.

આ યોજનાનો લાભ મેળવવા https://esamajkalyan.gujarat.gov.in પર તા-૩૧-૧૨-૨૦૨૫ સુધીમાં ઓનલાઇન અરજી કરવાની રહેશે તેમજ યોજનાની વધુ માહિતી ઉપરોક્ત પોર્ટલ પર મેળવી શકાશે. યોજના અંગે વધુ માર્ગદર્શન મેળવવા સંબધિત જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

માહિતી/૨૦૮૭/૨૦૨૫-૨૬

**નિયામક**
**સમાજ સુરક્ષા**
**ગુજરાત રાજ્ય ગાંધીનગર**